EDII

Sandesh

May 28, 2016
Page No. 6
Of City life

# સંશોધન દ્વારા સમસ્યાઓનું સમાધાન શોધી શકાય છે : અનિલ ગુપ્તા

અમદાવાદ : શહેરમાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (ઈ.ડી.આઈ.આઈ) ખાતે સમર કેમ્પ યોજાયો હતો. સ્ટુડન્ટ્સ ઈનોવેશન પ્રત્યે પ્રેરાય અને દેશના ફ્યૂચર માટે નવા આઈડિયા પર વિચાર કરે તે માટે આઈ.આઈ.એમના પ્રો અનિલ ગુપ્તાની સ્પિચનું આયોજન કરાયું હતું. આ સમર કેમ્પમાં ૧૨ થી ૧૬ વર્ષના બાળકો જોડાયા છે. ડો. અનિલ ગુપ્તાએ જણાવ્યું હતું કે, આજની યુવા પેઢીની નવીન વિચારસરણી અને બાળકોની સમાધાન શક્તિને બિલકુલ ઓછી ન આંકવી જોઈએ, તેમજ તેમણે બાળકોને નોકરી શોધવા બદલે , નોકરીની તકો ઊભી કરે તેવા ઉધોગ સાહસિક બનવા પ્રેરાવવું જોઇએ તેમં કહ્યું હતું. તે ઉપરાંત ઈ.ડિ.આઈ. ના ડાયરેક્ટર ડો. સુનિલ શુક્લાએ છુપાયેલી ક્ષમતાને વિક્સાવવા ,ટીમવર્ક ,અસરકારક કોમ્યુનિકેશન વગેરે જેવા ગુણો શીખવવા પર ભાર આપ્યો હતો. આ સમર કેમ્પમાં ૯ રાજ્યોના કુલ ૧૦૭ પારિસિપન્ટસે ભાગ લીધો હતો , જેમાં ૮૧ છોકરાઓ અને ૨૬ છોકરીઓ જોડાઇ હતી.